# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ


રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


તારીખ : 28-5-19

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦/ક્વા-૦૧/૨૦૧૯-૨૦/ 3651-5

રજી. એડી. પત્ર

પ્રતિ,
રાજશી દેવાત હમીર ચેતરીયા
મું. પો. : લાંબા, તા. : કલ્યાણપુર , જી. : દેવભૂમિ દ્વારકા,
મોબાઈલ : ૯૭૨૬૬૧૬૩૨૩

વિષય : પોલ શીફટીંગ અને વીજ સમારકામ.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૮-૦૩-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૦/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગોજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

4C

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, દ્વારકા.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦/ક્વા–૧/૨૦૧૯–૨૦/ તા.

2003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૦/ક્વા–૧/૨૦૧૯–૨૦

અરજદાર: રાજશી દેવાત હમીર ચેતરીયા ગામ: લાંબા
રજૂઆત કરનાર: અરજદાર રાજશી દેવાત હમીર ચેતરીયા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – વિભાગીય કચેરી, દ્વારકા
રજૂઆત કરનાર: એન. એચ. વીસણા, નાયબ ઈજનેર, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી જામનગર, અને
કે.એ.ઓઝા, નાયબ ઈજનેર, કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

Consumer Grievance R. Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર
તારીખ: ૨૧-૦૫-૨૦૧૯ ( મંગળવાર)

૧.0 સદર કેસની સુનાવણી તા. ૨૧-૦૫-૨૦૧૯ ( મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.0 અરજદાર શ્રી રાજશી દેવાત હમીર ચેતરીયા મું. પો. : લાંબા, જણાવે છે કે તેઓની ખેતીની જમીન વચ્ચેથી ૧૧ કેવી વીજલાઈન વચેથી પસાર થાય છે, જે ખુબજ નડતરરૂપ છે. સદર વીજલાઈન માં રીપેરીંગ કરવા માટે અવાર–નવાર રજૂઆત કરવા છતા – કોઈ કાર્યવાહી પીજીવીસીએલ દ્વારા કરાયેલ નથી. સદર વીજલાઈન ખૂબજ નીચી આવી ગયેલ હોવાથી ખેતી કામમાં જોખમ રૂપ છે, જેથી તેઓએ સદર વીજલાઈન ને શેઢા ઉપર ખસેડી દેવામા આવે તેમજ ખરાબ થઈ ગયેલ વીજલાઈન નુ સમારકામ કરી દેવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શ્રી રાજશી દેવાત ચેતરીયા દ્વારા કલ્યાણપુર પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. લાંબા ખાતે પોલ શીફ્ટીંગ અને વીજ સમારકામ બાબત ની રજુઆતના અનુસંધાને નાયબ ઈજનેર કલ્યાણપુર દ્વારા સ્થળ તપાસ કરી સર્વેની કામગીરી પૂર્ણ કરી

નડતરરૂપ વીજ લાઈન ખસેડવાનું અંદાજપત્ર નં ૪૯૮૦ તા.૧૮.૦૫.૨૦૧૯ થી અરજદારને પાઠવવામાં આવેલ છે. વધુમાં જણાવવાનું કે જર્જરિત વીજ લાઈનની મરામતની કામગીરી માટેનો પ્રોજેક્ટ ૨૫૧૧૯ બનાવી તેને તાંત્રિક મંજુર કરેલ છે. સદર વીજ લાઈન મરામતની કામગીરી દિવસ ૧૫ માં પૂર્ણ કરી આપવામાં આવશે. સદર બાબતની જાણ અરજદારને પત્ર નં ૪૯૮૪ તા.૧૮.૦૫.૨૦૧૯ થી કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ની રજુઆત અન્વયે – તેઓની જમીન માં ખેતીવાડી વીજલાઈન પસાર થતી હોય, જે વીજવાયર ખૂબજ નીચે હોય, ખેતીકામ કરવામાં જોખમરૂપ થતી હોય, જેથી – વીજલાઈન નુ મેન્ટેનન્સ અને શીફટીંગ કરવાની રજુઆત કરેલ છે. જે અન્વયે – સામેવાળા દ્વારા સદર બાબતે – જરૂરી સર્વે ની કામગીરી મુજબ – (૧) હૈયાત વીજલાઈન નુ મેન્ટેનન્સ કરવા માટે પ્રોજેકટ નં.–૨૫૫૧૧૯ થી દરખાસ્ત મોકલેલ જેની તાંત્રીક મંજુરી મળી ગયેલ છે. જે અન્વયે વીજલાઈનના સમારકામ ની કામગીરી દીન –૧૫ માં પૂર્ણ કરી આપવામા આવશે. (૨) અરજદાર ની રજુઆત અન્વયે તેઓના ખેતરમાથી પસાર થતી વીજલાઈન શીફટીંગ કરવા માટે સામેવાળા દ્વારા તા.૧૮–૦૫–૧૯ થી, રકમ રૂ.૩૮,૫૩૩/– નુ અંદાજપત્ર અપાયેલ છે.

૪.૨ અરજદાર ની રજુઆત મુજબ – વીજલાઈન શીફટીંગ માટે ના અપાયેલ ભાવપત્રક ની રકમ નિયમાધીન હોય, જે રકમ અરજદાર દ્વારા ભરપાઈ થયેથી વીજલાઈન શીફટીંગ કરવાની કામગીરી સત્વરે પૂર્ણ કરવા પીજીવીસીએલ ને સુચના: આપવામા આવે છે, અન્યથા અરજદાર ના ખેતરમાથી પસાર થતી વીજલાઈન નુ સમારકામ નિયમ મુજબ પૂર્ણ કરવા – તેમજ સદર કામગીરી પૂર્ણ થયે – અરજદાર તેમજ અત્રેના ફોરમ ને લેખીતમાં જાણકારી આપવી.

૪.૩ સદર કેઈસ મા, ઉપરોક્ત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતે નો હુકમ કરવામા આવે છે.

૪.૪ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
કા.વા.ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance ... P.G.V.C.L. Rajkot